**પોલીસ ફરીયાદની નોંધણીમાં જ્ઞાતિનો ઉલ્લેખ ન કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**ગૃહ વિભાગ**
**પરિપત્ર ક્રમાંક-પરચ-૨૯૯૮-૧૩૬૦૭-ડ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૩૦-૪-૯૯**

**પરિપત્ર**

સમાજમાં વસતા માનવીને પોતાના વિવિધ પ્રશ્નો હોય છે. સામાજિક, કૌટુંબિક, આર્થિક, વ્યવહારીક વિગેરે બાબતોમાંથી વ્યકિત વ્યકિતમાં મનદુ:ખના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને તેમાંથી પોલીસ સમક્ષ ફરીયાદો નોંધાવવાના બનાવો બને છે. આવી ફરિયાદો વ્યકિતગત ધોરણે નોંધાતી હોય છે. જે તે ફરિયાદ નોંધાવતી વ્યકિત અથવા તો જેની સામે ફરિયાદ નોંધાવાઇ હોય તે વ્યકિત માત્ર તેવા બનાવમાં સંકળાયેલ હોય છે. આવી ફરીયાદોમાં જે તે વ્યકિતની સમગ્ર જ્ઞાતિ સંકળાયેલ હોતી નથી. અનુભવે એવું જણાયેલ છે કે, વ્યકિતગત નોંધાતી આવી ફરિયાદોમાં જ્ઞાતિનો ઉલ્લેખ હોવાથી સમાજમાં પ્રસાર માધ્યમો ધ્વારા સ્થાનિક બનાવોની પ્રસિધ્ધિ થતાં સમગ્ર જ્ઞાતિમાં કોઇવાર અજંપાની લાગણી જન્મે અથવા તો એકાદ ક્ષણિક અને ક્ષુલ્લક બનાવના અઘટિત પ્રત્યાઘાતો અન્ય સ્થળે પણ પડતા હોય છે. જેથી અન્ય વિસ્તારના તે જ્ઞાતિના રહીશોમાં પણ વૈમનસ્ય થતું જોવા મળે છે. આવી પરિસ્થિતિની આડઅસર સમાજમાં થતાં કોઇ એક જ્ઞાતિની વ્યકિતના અપકૃત્યથી બનેલ બનાવને કારણે સમગ્ર સમાજમાં તે જ્ઞાતિ પરત્વે ધૃણા વ્યકિત થતી હોય છે. સામાજિક સમરસતા અને લોક વિકાસ માટે સામાજિક સંપ અને ઐકયની ભાવના સમાજમાં પ્રબળ રહે તેવા શુભ આશયને ફળીભુત કરવાના હેતુ અર્થે સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે નિર્ણય લીધો છે કે, પોલીસ ધ્વારા નોંધાતી ફરીયાદોમાં ફરીયાદીની કે સામે પક્ષે જેમની સામે ફરીયાદ થઇ હોય તે વ્યકિત / વ્યકિતઓની જ્ઞાતિ નોંધાવી નહીં કે તેનો ઉલ્લેખ ન કરવો.

ઉકત સુચનાનું ચુસ્તપણે પાલન કરવા આથી સબંધિત સર્વેને જણાવવામાં આવે છે. જીલ્લા પોલીસ અધિકારી / પોલીસ કમિશ્નરશ્રી કક્ષાએથી પ્રત્યેક પોલીસ સ્ટેશન ધ્વારા આ સુચનાનું પાલન થાય તેની તકેદારી રાખવા આથી અનુરોધ કરવામાં આવે છે.

આ પરિપત્રની પહોંચ પાઠવવા પણ વિનંતી છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી. એન. ચૌહાણ )
**સરકારના ઉપસચિવ**
**ગૃહ વિભાગ**